રાજ્યના ગુન્હા શોધક ખાતાને/સીઆઈડી
ક્રાઈમ/ અન્ય વિભાગો દ્વારા સોંપાતી
તપાસ.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:પરચ-૧૦૬૯-૧૭૫૦૨-ડ,
સચિવાલય, અમદાવાદ-૧૫,તારીખ ૧૯ મી જુન-૧૯૬૯.

## પરિપત્ર.

-----

સરકારના લક્ષ ઉપર આવ્યું છે કે તાજેતરમાં જુદા જુદા ખાતાના વડાઓ અને અથવા તેમના તાબા હેઠળની કચેરીના અધિકારીએ રાજ્યના ગુન્હા શોધક ખાતા, સી.આઈ.ડી. ક્રાઈમ ને બારોબાર તપાસ માટે જે કેટલીક ફરીયાદો મોકલી છે. તેમાંની કેટલીક ગુન્હા શોધક ખાતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી નથી. જેમ કે નાણાંકીય ગેરરીતિ શોધવા, ખાતાકીય પગલાં, માટે ભાગતા ફરતા શખ્સને શોધવા અને ડાંગરની ગુણોની ઉચાપત વગેરે.

૨/ જ્યારે ફોજદારી ગુન્હો બન્યાનું જાણવા મળે ત્યારે પુરતી પ્રાથમિક તપાસ પછી સ્થાનિક પોલીસ સ્ટેશને જે તે જવાબદાર અધિકારી તરફથી ફરિયાદ આવ્યેથી પોલીસ ગુન્હો નોંધી તપાસ શરુ કરે છે. સ્થાનિક પોલીસ ના જિલ્લા વડાને એમ જણાય કે, કોઈ કિસ્સાની તપાસમાં રાજ્યના ગુન્હા શોધક ખાતા/સી.આઈ.ડી.ક્રાઈમ ની મદદની જરુર છે. તો તે બારોબાર વિનંતી કરી તેવી મદદ મેળવી શકે છે. પરંતુ બીજા ખાતાના વડા કે તેમના તાબા હેઠળની કચેરીના અધિકારીઓ બારોબાર અને ગૃહ વિભાગની પણ સંમતિ વિના ગુન્હા શોધક ખાતાને કોઈપણ પ્રકારની તપાસ સોંપે તે યોગ્ય નથી.

૩/ ખાસ ગુન્હાઓની તપાસ વિશેષ મહત્વના ગુપ્ત કિસ્સાઓની તપાસ અને સરકાર તરફથી અપવાદ કરવામાં આવે તેવા કિસ્સાઓ સિવાયના ગુન્હાઓની તપાસ જિલ્લા પોલીસ અધિકારી મારફતે જ સામાન્ય સંજોગોમાં થાય છે તે લક્ષમાં લેતાં સરકારે ઠરાવેલું છે. કે:-

(અ) કેસના સ્વરુપ અથવા ફણગાને કારણે સ્થાનિક અધિકારીએ પોતાના અધિકારી અંદર અથવા સામાન્ય આદેશ હેઠળ કામ કરતા દુરના અધિકારીઓના સહકાર વિના હાથ ધરી શકે તેવો કેસો, તથા...

(ખ) જો કે ત્રણ જીલ્લા સુધી તપાસની દૃષ્ટિએ ફેલાયેલા વ્યવસ્થિત રીતે બનેલા ગુન્હા સંબંધમાં તપાસ જિલ્લા પોલીસ અધિકારીઓ દ્વારા જ સામાન્ય સંજોગોમાં કરવી.

૪/ કેટલીકવાર સચિવાલયના વિભાગો તરફથી કોઈ કિસ્સામાં ગુન્હો થયો એવી ફરીયાદ મળે કે, જાણવા મળે તો તેની તપાસ આ વિભાગ પોલીસ દ્વારા કરાવી આપે તેવી વિનંતી કરવામાં આવે છે. આ પ્રથા પણ બરાબર નથી. સચિ વિભાગો જિલ્લા પોલીસ અધિકારીઓની જરૂર જણાય તેવા કિસ્સામાં બારોબા તપાસ કરવા વિનંતી કરી શકે છે.

૫/ આથી સચિવાલયના સર્વે વિભાગોને જણાવવાનું કે, ખાસ ગુન્હા ના ગુપ્ત કિસ્સા અને સરકારે સ્પષ્ટ આદેશ આપેલ હોય તેવા પ્રકારના કિસ્સ તપાસ રાજ્યના ગુન્હા શોધક ખાતા (સી.આઈ.ડી.) ને સોંપવાની હોય તો સચિવાલયના વિભાગોએ વિગતવાર નોંધ સાથે અવિધિસરન ગૃહ વિભાગની સંમતિ મેળવવી આવશ્યક છે. કોઈ કિસ્સામાં ગુન્હા શોધક ખાતાને બારોબાર ન સોંપવામાં આવે તે માટે સચિવાલયના નિયંત્રણ હેઠળના જે તે ખાતાના વડા અથવા તો તેમના તાબા હેઠળના કચેરી અધિકારીઓને સ્પષ્ટ સુચના આપવા સચિવાલયના સર્વે વિભાગોને વિનંતી છે. ગૃહ વિભાગની સંમતિ સિવાય બીજા તરફથી કોઈ કેસ ગુન્હા શોધક ખાતાને સીધો સોંપવામાં આવશે, તો ગુ શોધક ખાતાના વડા તે કાંઈ કાર્યવાહી કરશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/- હા.મો.પટેલ
ઉપ સચિવ
ગૃહ વિભાગ, ગુજરાત સરકા

પ્રતિ,

પોલીસ ઈન્સ્પેકટર, જનરલ ગુજરાત રાજ્ય, અમદાવાદ-૧૬.

નાયબ પોલીસ ઈન્સ્પેકટર, જનરલ છુપી પોલીસ વિભાગ, ગુન્હા અને રેલ્વેઝ, અમદાવાદ-૧

નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલ, રાજકોટ વિભાગ, રાજકોટ

નાયબ પોલીસ ઈન્સ્પેકટર જનરલ, વડોદરા વિભાગ, વડોદરા

સચિવાલયના સર્વે વિભાગો.

ગૃહ વિભાગની સર્વે શાખાઓ.